# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૨ | ૧૨ જૂન, ૨૦૧૬, રવિવાર ; જેઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


**તાપમાન**
મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૭ ટકા

## ચીનને મનાવવા માટે મોદી હવે મોરચો સંભાળશે

નવી દિલ્હી,તા. ૧૧

ભારતની ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ(એનએસજી)માં એન્ટ્રીને લઈને વિરોધ કરી રહેલા ચીનને મનાવી લેવા માટે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે જવાબદારી સંભાળી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી પોતે હવે ચીનના મુડને બદલી નાંખવાના પ્રયાસમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એનએસજીમાં ભારતની એન્ટ્રીનો વિરોધ કરી રહેલા ચીનની સામે હવે કોઈ કઠોર નિવેદનબાજી ન કરવા માટે કહેવામાં આવ્યુ છે. આ મામલે બન્ને દેશો વચ્ચે પહેલાથી જ કેટલીક ખેંચતાણ ચાલી રહી છે.

# રાજ્યસભા ચૂંટણીમાં એનડીએને સફળતા

### રાજસ્થાનમાં ભાજપે તમામ ચારેય બેઠકો જીતી : સમાજવાદી પાર્ટીએ યુપીમાં સાત બેઠકો જીતી, બસપે બેઠકો જીતી : કોંગ્રેસે કર્ણાટકમાં શાનદાર સફળતા મેળવી : જયરામ રમેશ, કપિલ સિબ્બલની જીત થઇ છે

નવી દિલ્હી,તા. ૧૧

રાજ્યસભાની આજે ચૂંટણી યોજાઈ હતી. ભાજપે આમા પણ કેટલાક અંશે લાભ મેળવી લેવામાં સફળતા મેળવી છે. કેટલીક બેઠકોમાં કોંગ્રેસના પછડાટ આપી દીધી હતી. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે આજે જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. ભાજપના નેતૃત્વમાં આ બેઠક મહત્વપૂર્ણ રહી હતી. ભાજપે રાજસ્થાનમાં જોરદાર સપાટો બોલાવીને તમામ ચારેય બેઠકો જીતી લીધી હતી. હરિયાણા, ઝારખંડ અને મધ્યપ્રદેશમાં બે-બે બેઠકો ભાજપે જીતી લીધી હતી. કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં એક એક બેઠક કબજે કરી હતી. જે ચહેરાઓ જીતી ગયા છે તેમાં કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુ રાજસ્થાનમાંથી જીતી ગયા છે. કર્ણાટકમાંથી નિર્મલા સીતારામન, હરિયાણામાંથી ચૌધરી વિરેન્દ્રસિંહ, ઝારખંડમાંથી મુખ્તાર અબ્બાસ નકવી, હરિયાણામાં મિડિયા સમ્રાટ સુભાષચંદ્ર ભાજપના સમર્થન સાથે અપક્ષ તરીકે જીતી ગયા છે. ભાજપના અન્ય જે ચહેરાઓ જીતી ગયા છે તેમાં રાજસ્થાનમાંથી ઓમપ્રકાશ માથુર, રાજસ્થાનમાંથી હર્ષવર્ધન, રાજસ્થાનમાંથી રામકુમાર વર્મા, મધ્યપ્રદેશમાંથી અનિલ માધવ દવે, ઝારખંડમાંથી મહેશ પોદ્દારની જીત થઈ છે. કોંગ્રેસના જે ચહેરાઓ ઉપલાગૃહમાં પહોંચી ગયા છે તેમાં જયરામ રમેશ, ઓસ્કાર ફર્નાન્ડીઝ, કપિલ સિબ્બલ, પ્રદિપ ટામ્ટા, વિવેક તન્ખા, અન્યોનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીએ તમામ સાત બેઠકો જીતી લીધી છે. રાજકીય પક્ષોમાં જેને લઈને ઉત્સુકતા પ્રવર્તી રહી હતી તે રાજ્યસભાની ચૂંટણી માટે આજે મતદાન યોજાયું હતું. રાજ્યસભા માટે પહેલાથી જ આઠ રાજ્યોમાંથી ૩૦ ઉમેદવાર બિનહરિફ જાહેર કરવામાં આવી ચુક્યા છે. આજે સાવેર બાકીની ૨૭ બેઠકો માટે મતદાનની શરૂઆત થઈ હતી. જે રાજ્યોમાં મતદાન યોજાયું હતું તેમાં ઉત્તરપ્રદેશ, કર્ણાટક, રાજસ્થાન, ઝારખંડ, ઉત્તરાખંડ,

● અનુસંધાન-૭ પર

## આજથી અલ્હાબાદમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારી બેઠક

### ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે એજન્ડાને આખરી ઓપ અપાશે : વડાપ્રધાન મોદી, અમિત શાહ, કેબિનેટના મોટાભાગના પ્રધાનો કારોબારીમાં ઉપસ્થિત રહેશે



અલ્હાબાદ,તા. ૧૧

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે યોજાનાર મહત્વપૂર્ણ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને ભાજપની રાષ્ટ્રીય કારોબારોની બેઠક આવતીકાલથી અલ્હાબાદમાં શરૂ થઈ રહી છે. બે દિવસીય બેઠકમાં ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી ઉપરાંત અન્ય અનેક પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

આ બેઠકમાં અન્ય રાજ્યોમાં પણ ભાજપના નેટવર્કને કઈ રીતે ફેલાવી શકાય તે પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. હાલમાં પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ નવા ઉત્સાહ વચ્ચે આ બેઠક યોજાનાર છે.

## સાયના ઓસ્ટ્રેલિયન ઓપન સુપર સિરિઝની ફાઈનલમાં

નવીદિલ્હી,તા. ૧૧

ભારતની સ્ટાર બેડમિંટન ખેલાડી સાયના નેહવાલે વધુ એક સિદ્ધિ હાથ લાગી ગઈ છે. સાયના નેહવાલ હવે વિશ્વની બીજી ક્રમાંકિત ખેલાડી ચીનની યીહાન વાંગ ઉપર જીત મેળવીને ઓસ્ટ્રેલિયન ઓપર સુપર સિરિઝની ફાઈનલમાં આગેકૂચ કરી લીધી છે.

આજે રમાયેલી મહિલાઓની સિંગલ્સ મેચમાં સાયનાએ શાનદાર જીત મેળવી હતી. રિયો ઓલિમ્પિક આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સાયનાની આ જીતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

# મુંબઈમાં મોનસુન પહેલાના વરસાદી ઝાપટા

### મોનસુનની એન્ટ્રી થઈ હોવા માટે ચર્ચાઓ શરૂ થયા બાદ હવામાને પ્રિ-મોનસુન ઝાપટા હોવાની અંતે સ્પષ્ટતા કરી



મુંબઈ,તા. ૧૧

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં આજે હળવા વરસાદી ઝાપટા પડતા લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ હતી. જો કે, હવામાન વિભાગે તરત જ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, આ મોનસુની વરસાદ નથી. મોનસુન પહેલાના વરસાદી ઝાપટા છે. કેટલાક લોકોએ માન્યું હતું કે, આ મોનસુની વરસાદ છે. જો કે હવામાન વિભાગ તરફથી સ્પષ્ટતા કરાતા ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. હવામાન વિભાગનું કહેવું છે કે, મુંબઈમાં મોનસુન પહોંચવામાં હજુ સમય લાગી શકે છે. જો કે, હવામાનમાં એકાએક ફેરફાર થતાં લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતુ અને ટ્વિટર ઉપર પોતાની ઈચ્છાઓ રજૂ કરી હતી. બુધવારના દિવસે કેરળમાં દક્ષિણ પશ્ચિમ મોનસુનની એન્ટ્રી થઈ ગઈ હોવાની હવામાન વિભાગે સત્તાવાર જાહેરાત કરી હતી. અગાઉ કરતા એકદિવસ મોડેથી

● અનુસંધાન-૭ પર

# અંતે, શિયાળબેટ ૭૦ વર્ષ બાદ વિજળીથી ઝળહળી ઉઠ્યું

### ૪૭૭૬.૪૯ લાખના કામોના લોકાર્પણ કરવામાં આવ્યા શિયાળબેટ ગામે માધ્યમિક શાળાનું પણ લોકાર્પણ કરાયું



અમદાવાદ, તા.૧૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ૭.૪૭ કરોડના ખર્ચે વિજળીકરણ કરવાનું કાર્ય પૂર્ણ થતાં ઉદ્‌ઘાટન કર્યું હતું. ૭૦ વર્ષના લાંબાગાળા બાદ વિજળીથી જાફરાબાદ તાલુકાના દરિયા કાંઠે આવેલું શિયાળ બેટ ઝળહળી ઉઠ્યું હતું. લોકાર્પણેની વિધિ કરવામાં આવી ત્યારે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આનંદીબેને અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકામાં રૂપિયા ૪૭૭૬.૪૯ લાખના કામોના લોકાર્પણ કર્યા હતા. અમરેલી જિલ્લાના શિયાળ બેટ ટાયુના ૮૪૧ આવાસોના ૫ હજાર વસાહતીઓના ઘરમાં વીજળીની રોશની આજે ઝળહળી ઉઠી હતી. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, વીજળીકરણ માટે ગ્રીડ પાવર સાથેનું જોડાણ તાંત્રીક અને આર્થિક કારણોસર દરિયાઈ રસ્તે શક્ય ન હોવાથી વીજળીકરણ થઈ શક્યું ન હતું.

તદુપરાંત શિયાળબેટ ટાપુમાં દરિયાઈ વિસ્તાર હોવાને કારણે તથા ચોમાસામાં ભેજનું પ્રમાણ અતિ હોય છે. જેથી શિયાળ બેટનું સૌરઊર્જાથી પણ વીજળીકરણ કરવું શક્ય થયું નહીં. આમ, શિયાળ બેટ વિસ્તારમાં પીજીવીસીએલ દ્વારા કોઈ પણ યોજના હેઠળ વીજળીકરણની કામગીરી થઈ શકેલ ન હતી.

તાત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત ગૌરવદિન અવસરે અમેરલીમાં શિયાળ બેટનું વીજળીકરણ દરિયાઈ માર્ગે મરીન કેબલ દ્વારા કરવાની કરેલી જાહેરાતને વાસ્તવિક સ્વરૂપ આપતાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. દ્વારા આ યુનિક પ્રોજેક્ટ રૂ. ૧૮ કરોડના અંદાજિત ખર્ચે સાકાર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી આનંદીબેન આ પ્રોજેક્ટ તહેત શિયાળ બેટ ટાપુને વીજળીથી રોશન કરવામાં આવતા લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ અવસરે ઊર્જામંત્રી સૌરભભાઈ અને રાજયમંત્રી ગોવિંદભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યભરમાં વાદળછાયું વાતાવરણ

### ગાંધીનગર-અમદાવાદ ખાતે હવામાનમાં એકાએક પલટો : ગરમીનું પ્રમાણ હવે વધે તેવી શક્યતા ઓછી

અમદાવાદ,તા. ૧૦

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં સવારમાં હળવો વરસાદ પડ્યાના અહેવાલની ચર્ચા વચ્ચે અમદાવાદ સહિત રાજ્યના જુદા જુદા ભાગોમાં પણ મોનસુનની હવે ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. આંશિક વાદળછાયુ વાતાવરણની સ્થિતિ વચ્ચે આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી રહ્યું હતું જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯.૪ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના જે ભાગોમાં પારો આજે પણ વધારે નોંધાયો હતો તેમાં ભાવનગર, સુરેન્દ્રનગર, વીવી નગર અને અમદાવાદનો સમાવેશ થાય છે. ભાવનગરમાં ૪૧.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આંશિક વાદળછાયુ વાતાવરણ આવતીકાલે રહેશે. બીજી બાજુ નીચલી સપાટી ઉપર દક્ષિણ પશ્ચિમ પવનો હાલમાં ફુંકાઈ રહ્યા છે.સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાળઝાળ ગરમી પડી રહી છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન કરતા ભાવનગરમાં વધુ પારો રહ્યો હતો. ભાવનગરમાં ૪૧.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. સુરેન્દ્રનગરમાં ૪૦ ડિગ્રી તાપમાન રહ્યું હતું. કેરળમાં મોનસુનની સત્તાવારરીતે એન્ટ્રી થઈ હોવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે ત્યારે ગુજરાત અને રાજ્યના અન્ય ભાગોમાં ઉત્સુકતાપૂર્વક મોનસુનની રાહ જોવાઈ રહી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીના પ્રમાણમાં સતત ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી હજુ સુધી જારી કરવામાં આવી નથી પરંતુ તાપમાનમાં હવે વધારો થાય તેવા સંકેત ઓછા દેખાઈ રહ્યા છે. મોનસુનની એન્ટ્રી કોઈપણ સમયે થઈ શકે છે. કારણ કે, કેરળ અને દેશના અન્ય ભાગોમાં મોનસુનની પ્રગતિ ઝડપથી થઈ રહી છે. જેના લીધે તાપમાન વધે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. સવારમાં વરસાદી વાદળા જોવા મળી રહ્યા છે. લોકોની ઉત્સુકતાનો હજુ અંત આવ્યો નથી. ગરમીથી ચોક્કસપણે રાહત થઈ છે. કારણ કે મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઈ ચુક્યો છે.

થોડાક દિવસ પહેલા જ અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૮થી ઉપર પહોંચ્યો હતો અને ગરમીના રેકોર્ડ સર્જાયા હતા. છેલ્લા તમામ વર્ષોની સૌથી વધારે ગરમીનો અનુભવ હાલના દિવસોમાં લોકોએ કર્યો હતો પરંતુ હવે રાહત થઈ ચુકી છે. અમદાવાદમાં હજુ પણ લોકોને રાહત આપવા માટે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને તંત્ર દ્વારા જુદી જુદી



જગ્યાઓએ ઉપર પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના લીધે લોકો રાહત મેળવી રહ્યા છે. આને સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. કોર્પોરેશન રેશન દ્વારા મોનસુન પ્લાન તૈયાર કરાયો છે. આગામી દિવસોમાં આ પ્લાનને વધુ અસરકારકરીતે અમલી કરવા માટેની પણ તૈયારી કરી લેવામાં આવી છે.


**ગાંધીનગર માટે**
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

**જોઈએ છે**
શ્રદ્ધાદીપ બ્લડ બેન્ક
૧) નર્સ (નર્સીંગ કોર્ષ)
૨) બ્લક બેન્ક ટેકનીશીયન (સર્ટીફાઈડ (M.L.T.)
સંપર્ક
પ્લોટ નં. ૩૭૧, ઘ-૪ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**આયુર્વેદિક દવાઓ**
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415